# દિલ્હી મુંબઈ ગ્રીન હાઈવે વિશ્વનો સૌથી મોટો : મુંબઈથી વડોદરા સાડા ત્રણ કલાકમાં પહોંચી જવાશે , નરીમાન પોઈન્ટ સુધી લંબાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હી મુંબઈ ગ્રીન હાઈવે વિશ્વનો સૌથી મોટો હાઈવે છે. જેનું રૂ.એક લાખ કરોડના ખર્ચે નિર્માણ થઇ રહ્યું છે. ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં રૂ.૧.૨૫ લાખ કરોડના માર્ગોનાં કામો ચાલી રહ્યાં છે અને વધુ રૂ.૧.૨૫ લાખ કરોડનાં કામો મંજૂર કરવામાં આવ્યાં છે એવું કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું. કેન્દ્રીય પ્રધાને એવું પણ જણાવ્યું કે, દિલ્હી મુંબઈ ગ્રીન હાઇવેનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાં વડોદરાથી મુંબઈ માત્ર સાડા ત્રણ કલાકમાં પહોંચી જવાશે. આ માર્ગને નરીમાન પોઈન્ટ સુધી લંબાવવામાં આવશે.

વડોદરા નજીક દુમાડ ચોકડી ખાતે રૂ.૩૪.૫૦ કરોડના ખર્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૮ અને એક્સપ્રેસ વે પર વડોદરા-સાવલી જંક્શનના સુધાર કામનું ખાતમુહૂર્ત કરતા કેન્દ્રીય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, દિલ્હી મુંબઈ ગ્રીન હાઈવે ગુજરાતના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ હાઈ-વે છે. ગુજરાતમાં રૂ.૩૬ હજાર કરોડના ખર્ચે ૪૨૩ કિ.મી.ના આઠ લેનના પ્રથમ તબક્કામાં ૧૩૨ કિ.મી.પૈકી ૪૦ ટકા કામ પૂર્ણ થયું છે. વડોદરા અંકલેશ્વર ૧૦૦ કિ.મી. માર્ગનું કામ વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થશે. આ માર્ગ પર યાત્રિકો માટે ૩૩ સ્થળોએ વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવશે. એટલું જ નહિ ભવિષ્યમાં આ માર્ગ પર લોકો અને માલ સામાનનું હેરફેર ડ્રોનથી થાય તેવી સુવિધા વિકસાવવામાં આવશે. ધોલેરા અમદાવાદ એક્સપ્રેસ વે રૂ.૩ હજાર કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવશે. ગુજરાત સહિત દેશભરમાં નિર્માણ થઇ રહેલ વિવિધ માર્ગોની વિગતો તેમણે આપી હતી. ■



**ગુજરાતમાં મેગા વૅક્સિનેશન ડ્રાઈવઃ** ગુજરાતમાં મહત્તમ રસીકરણના ઉદ્દેશ સાથે મેગા વૅક્સિનેશન ડ્રાઈવ યોજાઈ છે. આ મેગા ડ્રાઈવ દરમ્યાન ૭,૫૦૦ જેટલા ગામડાઓમાં ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ કરી દેવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ૧૪ હજારથી વધુ બૂથ પર નાગરિકો વૅક્સિન લઈ રહ્યા છે. રાજ્ય સરકારની આ ઝુંબેશમાં નાગરિકોએ પણ ઉત્સાહપૂર્વક સારો પ્રતિસાદ આપ્યો છે. ( તસવીરઃ જનક પટેલ, અમદાવાદ.)

# અમદાવાદમાં કૉંગ્રેસના કાર્યકરોએ ભજિયાં તળીને બેરોજગારી દિવસ ઉજવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસને અમદાવાદમાં જાહેરમાં ભજીયા તળીને બેરોજગારી દિવસ તરીકે ઉજવનારાં યુથ કૉંગ્રેસના કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.

ગુજરાતમાં ભાજપ દ્વારા વડા પ્રધાનના જન્મદિવસની ઉજવણી કરાઈ હતી જ્યારે બીજી તરફ યુથ કોંગ્રેસ દ્વારા બેરોજગાર દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં ગુજરાત યુનિવર્સિટીના સુભાષચંદ્ર બોઝ ગેટ પાસે યુથ કૉંગ્રેસના કાર્યકરોએ હાથ લારીમાં સગડી અને કઢાઈ મૂકીને ભજિયાં તળીને લોકોને વહેંચ્યાં હતાં. તે ઉપરાંત શાકની લારી લઈને શાકભાજીની પણ વહેંચણી કરી હતી.

યુથ કૉંગ્રેસના કાર્યકરો વડા પ્રધાનના જન્મ દિવસને બેરોજગાર દિવસ તરીકે ઉજવવા બેનર સાથે ઉમટી પડ્યા હતાં. તેમણે નારા લગાવીને વિરોધ કર્યો હતો. પોલીસે વિરોધ કરી રહેલા કાર્યકરોની અટકાયત કરી હતી. ■

# અમદાવાદમાં કાંકરિયા સહિતનાં જાહેર સ્થળોએ ફરવા માટે વૅક્સિન ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શુક્રવારથી રાજ્યભરમાં ૧૦૦ ટકા રસીકરણનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તેમજ બપોર સુધીમાં લાખો લોકોએ કોરોનાની રસી લીધી હતી. બીજી બાજુ અમદાવાદમાં પણ હવે સોમવારથી કાંકરિયા તળાવ સહિતના જાહેરસ્થળો તેમજ મનપાની કચેરી તેમજ મનપાની બીઆરટીએસ અને એમટીએસ બસમાં પણ રસી ન લીધી હોય એવા મુસાફરોને પ્રવેશ આપવામાં આવશે નહીં.

અમદાવાદ શહેરમાં ૩૬.૫૯ લાખ લોકોને વૅક્સિનનો પહેલો ડોઝ અને ૧૬.૪૪ લાખ લોકોને બીજો ડોઝ આમ કુલ ૫૩ લાખથી વધુ લોકોએ વૅક્સિન લઇ લીધી છે. જ્યારે શુક્રવારે સવારથી લોકોને મોટા પાયે રસી આપવામાં આવી રહી છે. બીજી બાજુ મનપા દ્વારા એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક આવતી તમામ બિલ્ડિંગ અને જગ્યામાં પ્રવેશ માટે વૅક્સિન લીધેલી હોવી ફરજિયાત છે. તેની સાથે સાથે એમટીએસ-બીઆરટીએસ, કાંકરિયા તળાવ, કાંકરિયા ઝૂ તેમજ સાબરમતી રિવરફ્રન્ટ પર જવા વૅક્સિન લીધેલી હોવી ફરજિયાત છે.

આ નિર્ણય અંગે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે પણ ટ્વીટ કરીને જણાવ્યું હતું કે ૨૦ સપ્ટેમ્બરથી એન્ટ્રી પોઈન્ટ પર વૅક્સિન સર્ટિફિકેટ પણ ચેક કરવામાં આવશે. ■

# પોરબંદર-સોમનાથ હાઈ વે પર અકસ્માતમાં ત્રણ યુવકનાં મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદર-સોમનાથ હાઈ વે પર ચિકસા ગામ નજીક કાર ડિવાઈડર સાથે અથડાતા ત્રણ યુવકોના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ખંભાળીયાના ખજૂરીયા ગામમાં રહેતો મયૂર ચંદ્રાવાડિયા લોએજ ગામની કૉલેજમાં સર્ટિફિકેટ લેવા માટે તેના મિત્રો સાથે કારમાં જઇ રહ્યો હતો ત્યારે પોરબંદર નજીક નરવાઇ મંદિર અને ચીકાસા વચ્ચેના હાઇવે પર એકાએક કારનો કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર સાથે પટકાઈ હતી. કાર પટકાઈને ઊંધી પડી ગઈ હતી. આ ઘટનામાં કિશન ચંદ્રાવાડિયા, મયૂર ચંદ્રાવાડિયા અને ઘેલુભાઇ ચંદ્રાવાડિયાના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. ત્રણેય યુવકોના લોહીથી હાઈવે રક્તરંજિત થયો હતો. ત્રણેય યુવકો એક જ પરિવારના હતા. તો કારમાં સવાર અન્ય યુવકો રાજુભાઈ અને વજશીભાઈ નંદાણિયાને ભારે ઈજા પહોંચી હતી. જેમને પોરબંદરની હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. ■

# અમદાવાદના લાલ બહાદુર શાસ્ત્રી તળાવ ખાતે "નરેન્દ્ર મોદી વન"નું લોકાર્પણ

ગાંધીનગરઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧મા જન્મદિવસે અમદાવાદના લાલ બહાદુર શાસ્ત્રી તળાવ ખાતે નવનિર્મિત નરેન્દ્ર મોદી વનમાં રેકોર્ડ બ્રેક ૭૧ હજાર વૃક્ષારોપણ કરીને પ્રકૃતિ પ્રેમ સાથે પ્રકૃતિના જતનનો સંદેશો આપ્યો હતો. ૭૧ હજાર વૃક્ષો અમદાવાદ શહેરના ગ્રીન કવર વિસ્તાર વધારવામાં મદદરૂપ બનશે તેવું જણાવી મુખ્ય પ્રધાને વધુમાં ઉમેર્યુ હતું કે, રાજ્યના નગરો-મહાનગરોમાં પણ વધુમાં વધુ વૃક્ષો વાવીને પર્યાવરણની જાળવણી થાય અને નાગરિકોને શુદ્ધ પ્રાણવાયુ મળે તે માટે ગ્રીન કવર વધારવાની નેમ વ્યક્ત કરી હતી.

મુખ્ય પ્રધાને વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા કહ્યું કે, નરેન્દ્રભાઇ નોખી માટીના નોખા માનવી છે. તેઓ ગરીબોના બેલી છે એટલે જ છે.

રાજ્ય સરકાર દ્વારા શુક્રવારે તેમના ૭૧મા જન્મદિવસના ઉપલક્ષ્યમાં રાજ્યભરમાં ૩૭૫ થી વધુ ગરીબ હિતલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસે તેમના મુખ્ય પ્રધાનપદના કાર્યકાળના પર્યાવરણલક્ષી કાર્યોને યાદ કરતા મુખ્ય પ્રધાને જણાવ્યું હતુ કે, ભવિષ્યમાં પ્રર્યાવરણ ક્ષેત્રે ઊભા થનારા પડકારોને ધ્યાનમાં રાખી નરેન્દ્રભાઇ દૂરંદેશીતાના પરિણામે ગુજરાત રાજ્યમાં ૨૦૦૯ માં અલાયદુ કલાયમેટ ચેન્જ વિભાગ શરૂ કરવામાં આવ્યું હતુ. અગાઉ ફક્ત ગાંધીનગરમાં ઉજવાતા વનમહોત્સવનું ૨૦૦૯ થી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ઉજવણીની શરુઆત પણ નરેન્દ્રભાઇ મોદીએ કરી હતી. આ વનમહોત્સવની જિલ્લા સ્તરે શરુઆત કરીને તેમણે જન-જનને વનથી જોડ્યા છે. જિલ્લા સ્તરે સાંસ્કૃતિક, ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વના આધારે આજે વનમહોત્સવની આ ઉજવણી રાજ્ય સ્તરે પ્રચલિત બની છે જેના થકી જનમાનસ પર પ્રકૃતિપ્રેમની નવઊર્જાનો સંચાર પણ થયો છે. આજે રાજ્યભરમાં વર્ષ ૨૦૦૪ થી ૨૦૨૧ સુધીમાં કુલ ૨૧ સાંસ્કૃતિક વનોની સ્થાપના થઇ છે. કોરોનાકાળમાં આપણે સૌ પ્રાણવાયુ સમા ઑક્સિજનનું મહત્વ સમજ્યા છીએ. માટે ઑક્સિજન સિલિન્ડરથી ઑક્સિજન-પ્રાણવાયુ મેળવવાની જગ્યાએ રાજ્યમાં વધુને વધુ વૃક્ષોનું વાવેતર કરીને કુદરતી પ્રાણવાયુ મેળવવા વૃક્ષારોપણ અભિયાનને જન અભિયાન બનાવવા મુખ્ય પ્રધાને આહ્‌વાન કર્યું હતું. ■



# સુરતમાં મકાનનો સ્લેબ તૂટી પડતા બાળકીનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ભેસ્તાન આવાસમાં માસૂમ કિશોરી પર બિલ્ડિંગની સીલિંગ તૂટી પડતાં મોતને ભેટી હોવાની દુઃખદ ઘટના સામે આવી છે. ઘટના બાદ સ્થાનિક લોકોએ પાલિકા સામે રોષ વ્યકત કર્યો હતો.

આ ઘટનાને પગલે રોષે ભરાયેલા લોકોએ જણાવ્યું હતું કે ૬-૮ મહિનામાં આ ત્રીજો અકસ્માત કહી શકાય છે. જર્જરિત બિલ્ડિંગનાં પોપડાં પડવાથી અનેક લોકો ઘવાયા છે.

મૃતકના પિતા મોહમ્મદ ફારુખ શેખ ઇસ્માઇલે જણાવ્યું હતું કે ગુલકશા (ઉં.વ. ૧૧) ધોરણ-૬માં અભ્યાસ કરતી હતી. બપોરે અચાનક વરસાદ શરૂ થઈ જતાં રમતાં રમતાં ઘર તરફ આવી રહી હતી. અચાનક બિલ્ડિંગ નંબર-૧૩ની સીલિંગનો સ્લેબ ૫૦ ફૂટ ઉપરથી ગુલકશા ઉપર પડતાં ભાગદોડ મચી ગઇ હતી. તેને ગંભીર ઇજા થતાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ગુલકશાનું મોત નીપજ્યું હતું. તેઓ યુપીના રહેવાસી છે. તેમને સાત બાળક છે.

ગુલકશા ૬ નંબરની દીકરી હતી. પહેલી પત્નીનાં ૫ બાળક અને બીજી પત્નીનાં બે બાળકમાં ગુલકશા બીજી પત્નીની દીકરી હતી. ■

# હાર્દિક પટેલને ફરી નીતિન કાકા યાદ આવ્યાઃ ભાજપના અસંતુષ્ટોને કૉંગ્રેસમાં જોડાવાનું આહ્‌વાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ ગુજરાતની ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી બાદ મુખ્ય પ્રધાનપદ ન મળતા નારાજ થયેલા નીતિન પટેલને તે સમયના પાટીદાર નેતા અને હાલમાં કોંગ્રેસનું કાર્યકારી અધ્યક્ષપદ સંભાળતા હાર્દિક પટેલે મુખ્ય પ્રધાનપદ આપવાના વાયદા સાથે કૉંગ્રેસમાં જોડાવવા વારંવાર વિનવ્યા હતા ત્યારે હવે ફરી પક્ષથી નારાજ પટેલ સહિતના નેતાઓને કૉંગ્રેસ આમંત્રણ આપી રહી છે.

જામનગરની મુલાકાતે ગયેલા હાર્દિક પટેલે કહ્યું હતું કે નીતિન પટેલ સહિતના રાજ્યના નેતાઓ જે ભાજપથી નારાજ છે તેમની માટે કોંગ્રેસના દરવાજા ખુલ્લા છે. ભાજપે નવા પ્રધાનોને સરકારમાં સ્થાન આપવાને બહાને નેતાઓને પડતા મૂક્યા છે.

જો આ નેતાઓ અમારી સાથે જોડાવા માગતા હોય તો કૉંગ્રેસના દરવાજા ખુલ્લા છે. ભાજપ પાસે હવે નેતાઓ રહ્યા નથી આથી પ્રજા તેમને ઘરભેગી કરશે.

જામનગર ખાતે જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્તોની મુલાકાત ગુરુવારે હાર્દિક પટેલે લીધી હતી. સ્થળ નિરીક્ષણ અને અસરગ્રસ્તો સાથે ચર્ચા બાદ તંત્ર અને સિંચાઇ વિભાગની બેદરકારીને કારણે તારાજી સર્જાઇ હોવાનું જણાવી કલેકટરને આવેદનપત્ર પાઠવી સહાય ચૂકવવા માગણી કરી હતી. ■

# સૌરાષ્ટ્રનો સૌથી મોટો શેત્રુંજી ડેમ અઠવાડિયામાં પાંચમી વાર છલકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના પાલિતાણા તાલુકામાં આવેલો સૌરાષ્ટ્રનો સૌથી મોટો ડેમ એક જ સપ્તાહમાં સતત પાંચમી વાર ઓવરફ્લો થયો છે. ગુરુવારે સવારથી જ પાણીની આવકમાં સતત વધારો થતાં સત્તાવાળાને જળસપાટી જાળવી રાખવા મોડીરાત્રે ૫૯ દરવાજા એક ફૂટ ખોલવામાં આવ્યા હતા અને શુક્રવારે સવારે ફરી ૧૫ દરવાજા ખુલ્યા હતા.

સૌરાષ્ટ્રમાં સૌથી મોટા જળાશય તરીકે ખ્યાતનામ ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકામાં આવેલ શેત્રુંજી ડેમ એક જ અઠવાડિયામાં સતત પાંચમી વખત છલકાયો છે.

ઉપરવાસમાંથી પાણીનો ભારે પ્રવાહ ડેમમાં આવી રહ્યો હતો જેને પગલે ડેમની સપાટી એક નિયત અંકે જાળવી રાખવા માટે ગુરુવારની મોડીરાત્રે ડેમના ૫૯ દરવાજા એક ફૂટ ખોલવામાં આવ્યા હતા. ■

# રાપરમાં ખેડૂત પરિવારના બંધ ઘરમાંથી ૩.૭૪ લાખની માલમતાની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છમાં કાયદો-વ્યવસ્થાને પડકારી રહેલા તસ્કરોનો આતંક જારી રહ્યો હોય તેમ સીમાવર્તી રાપરના નવાપરા વિસ્તારમાં રહેતાં ૫૩ વર્ષના સવજીભાઈ ભાટેસરા (પટેલ) બુધવારે પરોઢે નિત્યક્રમ મુજબ પત્ની અને પુત્રી જોડે વાડીએ ગયાં હતા.

વાડીમાં કામ કર્યાં બાદ ખેડૂત પરિવાર સાંજે ઘરે પરત ફર્યો ત્યારે ઘરના તાળાં તોડી તસ્કરો ઘરમાંથી ૧ લાખ રોકડા,૧.૮૯ લાખની કિંમતના ૬ તોલા ૩ ગ્રામના સોનાના ઘરેણાં અને ૮૫ હજારની કિંમતના ૧ કિલો ૩૦૦ ગ્રામના ચાંદીના દાગીના મળી કુલ ૩ લાખ ૭૪ હજારની માલમતા તફડાવી ગયાં હોવાનું ધ્યાને આવતાં પરિવાર સ્તબ્ધ બની ગયો હતો.

ધોળા દિવસે બનેલી ઘરફોડ અંગે રાપર પોલીસે ગંધ પારખું શ્વાન,એફએસએલની ટીમ સાથે રાખી તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદ સિવિલ હૉસ્પિટલના ઈતિહાસમાં પ્રથમ કિસ્સોઃ જૂનાગઢના દરદીનું હૃદય મોરબીના દરદીમાં ધબક્યું

અમદાવાદઃ એશિયાની સૌછી મોટી અમદાવાદની સિવિલ હૉસ્પિટલના ઇતિહાસમાં પ્રથમવાર હૃદયનું અંગદાન મેળવવામાં સફળતા મળી છે. અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં દર્દી મુકેશસિહ સોલંકી બ્રેઇનડેડ મૃત જાહેર થતા તેમના ચાર અંગોની સાથે હૃદયનું પણ દાન મેળવવામાં સફળતા મળી હતી. જૂનાગઢના મુકેશસિંહ સોલંકીના હૃદયને સિવિલ હૉસ્પિટલથી સિમ્સ હૉસ્પિટલમાં ગ્રીન કોરિડોર કરીને પ્રત્યારોપણ માટે લઇ જવામાં આવ્યું હતુ.

હૃદયને ગ્રીન કોરિડોર મારફતે પોલીસ એક્સકોર્ટની મદદથી ૧૨ કિ.મી.નું અંતર ફક્ત ૧૧ મિનિટમાં કાપી પ્રત્યારોપણ માટે સરળતાથી પહોંચાડવામાં સફળતા મળી હતી.

મુકેશસિંહના પાંચ અંગોમાંથી કિડની અને સ્વાદુપિંડ સુરતના ૩૫ વર્ષના પુરુષને, જ્યારે બીજી કિડની ૬૫ વર્ષના અમદાવાદના દર્દીને, જ્યારે લીવર ૪૦ વર્ષની અમદાવાદની મહિલામાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે.

મુકેશભાઇના હૃદયને મોરબીના ૩૬ વર્ષના પુરુષ દર્દીમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું. જેની વિગતો જણાવતા સિમ્સ હોસ્પિટલના ડાયરેક્ટર અને કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહે જણાવ્યું કે, મોરબીના ૩૬ વર્ષના પુરુષ દર્દી મારફાનોઇડ સિન્ડ્રોમથી પીડાઇ રહ્યા હતા. જેના કારણે શરીરના સ્નાયુઓ નબળા થઇ રહ્યા હતા. જેની આડઅસર હ્યદય પર પણ વર્તાવા લાગી. દર્દીના હૃદયના વાલ્વ પણ ખરાબ થઇ જવા પામ્યા હતા. તેમની મહાધમની ફૂલી રહી હતી. જેના નિયંત્રણ માટે ૨૦૧૭માં તેમની સર્જરી પણ કરવામાં આવી હતી. સર્જરી બાદ સમય જતા હૃદયમાં રૂધિરનું વહન ૧૦ ટકા જેટલું જ થઇ રહ્યું હોવાથી પેશમેકર પણ મૂકવામાં આવ્યુ હતું. વળી છેલ્લા એક વર્ષથી દર્દીનું બ્લડપ્રેશર પણ ૮૦ થી ૯૦ જેટલું રહેતુ હતુ. આ પરિસ્થિતિને મેડિકલ ભાષામાં ડિકમ્પનસ્ટેટેડ હાર્ટ ફેલ્યોર (ક્ષતિગ્રસ્ત હૃદય) તરીકે ઓળખાવામાં આવે છે. જેમાં શરીરના દરેક અંગમાં બ્લડપ્રેશર ઓછું થઇ જાય છે જે કારણોસર અન્ય અંગોમાં પણ આડઅસર વર્તાવાની સંભાવના વધી જાય છે. આ તમામ પરિસ્થિતો વચ્ચે જ્યારે આ પુરુષ દર્દીને હૃદયનું દાન મળ્યુ અને જેનું અમારી હોસ્પિટલ દ્વારા ૫ કલાકની જટીલ સર્જરી બાદ સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે. જેના થકી આ દર્દીના જીવનમાં ખરા અર્થમાં ઉજાસ પથરાયો છે. તેઓ આગામી જીવન કાર્યક્ષમતા સાથે પસાર કરી શકશે. સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે,ગુજરાતની સરકારની સ્ટેટ ઓર્ગન એન્ડ ટિશ્યૂ ટ્રાન્સપ્લાન્ટ ઑર્ગેનાઇઝેશન હેઠળ સિવિલ હોસ્પિટલમાં ૯ મહિનામાં ૧૧ બ્રેઇનડેડ દર્દીઓના ૩૫ અંગોનું દાન મેળવીને ૨૯ જરુરિયાતમંદ દર્દીઓમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરાયું છે, જેમાં છેલ્લા ૯ દિવસમાં ત્રણ અંગદાન થયા છે. ■



# ભરૂચમાંથી પસાર થતો ૨ કિમીનો વડોદરા-મુંબઈ એક્સપ્રેસ હાઈ વે ૧૨૫૦ લોકોએ ૨૪ કલાકમાં તૈયાર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ ભુજમાં ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન કચ્છની મહિલઓ કઈ રીતે ત્રણ દિવસમાં રન-વે તૈયાર કરી દીધો તે દશાર્વવામાં આવ્યું હતું ત્યારે આવું જ કંઈક ભરૂચમાં બન્યું છે. જોકે કોઈ યુદ્ધ જીતવા નહીં, પરંતુ યુદ્ધના ધોરણે કામ કરી અહીં ૨૪ કલાકમાં બે કિમીનો રોડ બનાવી દેવામાં આવ્યો હતો.

મુંબઈ એક્સપ્રેસ-વેનું હાલ નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, ત્યારે ગુજરાતના ભરૂચમાં માર્ગના નિર્માણની કામગીરીને લઈ ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ચાર રેકોર્ડ નોંધાયા છે.

ભરૂચના મનુબર-સાંપા-પાદરા રોડના ભાગ પર ૨૪ કલાકમાં ૨ કિમી લાંબા રસ્તાનું નિર્માણ કરાતાં રેકોર્ડ નોંધાયો છે.

૨૪ કલાકમાં નોંધાયેલા ચાર રેકોર્ડમાં પ્રથમ રેકોર્ડ સૌથી વધુ ૧૪૬૪૧.૪૩ ક્યૂબિક મીટર સિમેન્ટ કોન્ક્રીટના ઉત્પાદનનો, બીજો રેકોર્ડ ૧૪૫૨૭.૫૦ ક્યૂબિક મીટર સિમેન્ટ કોન્ક્રીટના ઉપયોગનો,

ત્રીજો રેકોર્ડ એક ફૂટ જાડા અને ૧૮.૭૫ મીટર પહોળા એક્સપ્રેસ-વેના નિર્માણનો, ચોથો રેકોર્ડ સૌથી વધુ રિજિડ પેવમેન્ટ ક્વોલિટીને સૌથી વધુ વિસ્તારમાં ફેલાવવા માટે સ્થપાયો હતો.

ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોડ્ર્સના ઓબ્ઝર્વરે જણાવ્યું હતું કે સતત ૨૪ કલાક સુધી પેવમેન્ટ ક્વોલિટી કોન્ક્રીંટિંગ મશીન વડે પ્લાનિંગ અને સંવાદિતા સાધીને જ આ કામગીરી શક્ય બની છે, જેના માટે તેની વર્લ્ડ રેકોડ્ર્સમાં નોંધ લેવાઇ છે. જે હિસ્સામાં આ એક્સપ્રેસ-વે બન્યો છે એ મૂળ જમીનથી ૧૫ ફૂટ જેટલી ઊંચાઇએ છે.

દિલ્લી-વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેના ૬૩ કિમીના ભાગનું નિર્માણ કરજણના સાપા ગામથી ભરૂચ તાલુકાના નબીપુર કીમ સેકશન સુધી થઈ રહ્યું છે.

કેન્દ્રીય માર્ગ અને પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ આ સ્થળની મુલાકાત લીધી હતી અને રેકોર્ડની નોંધ લીધી હતી. ■